સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## C U R R E N T A F F A I R S

**WEEK 18** (01/05/22 to 07/05/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

## ગુજરાતનો ઇતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 1 MAY-2022


➢ દિવસ મહિમા : 01 મે, ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ), મહારાષ્ટ્ર સ્થાપના દિન, આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Worker's Day અથવા તો Labour Day) ........ 02

➢ GAGAN Satellite Technology ........ 03

➢ QUESTION ANSWERS ........ 05


## 2 MAY-2022


➢ દિવસ મહિમા : 2 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day) ........ 06

➢ Integrated Road Accident Database (iRAD) Project ........ 06

➢ સેમિકોન ઇન્ડિયા, 2022 કોન્ફરન્સ ........ 07

➢ QUESTION ANSWERS ........ 11


## 3 MAY-2022


➢ દિવસ મહિમા : 3 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day), વિશ્વ અસ્થમા દિવસ (મે મહિનાનો પ્રથમ મંગળવાર) ........ 12

➢ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક માટે આદેશ દસ્તાવેજ ........ 13

➢ વીર કુંવર સિંહ વિજય ઉત્સવ ........ 15

➢ QUESTION ANSWERS ........ 17


## 4 MAY-2022


➢ દિવસ મહિમા : 4 મે, આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day) ........ 18

➢ World Press Freedom Index 2022માં ભારત 150માં ક્રમે ........ 18

➢ અનંગ તાલ તળાવ ........ 20

➢ QUESTION ANSWERS ........ 21


## 5 MAY-2022


➢ State of World's Forest Report 2022 ........ 22

➢ સિટીઝન રજીસ્ટ્રેશન સિસ્ટમ ઓફ ઇન્ડિયા રિપોર્ટ ........ 24

➢ RBIએ પોલિસી રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો ........ 26

➢ QUESTION ANSWERS ........ 28


## 6 MAY-2022


➢ દિવસ મહિમા : 6 મે, આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ (International No Diet Day) ........ 29

➢ ખાદ્ય કટોકટી 2022 પર વૈશ્વિક અહેવાલ ........ 29

➢ બિહારમાં ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટ ........ 30

➢ QUESTION ANSWERS ........ 32


## 7 MAY-2022


➢ દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ ........ 33

➢ વર્લ્ડ ફૂડ પ્રાઈઝ 2022 (World Food Prize 2022) ........ 33

➢ શુક્ર મિશન 2024 (Venus Mission 2024) ........ 34

➢ QUESTION ANSWERS ........ 36

ONE LINER ........ 37

QUESTION OF THIS WEEK ........ 42



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 મે, (1) ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ)
## (2) મહારાષ્ટ્ર સ્થાપના દિન
## (3) આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Worker's Day અથવા તો Labour Day)

### ગુજરાતનો 62મો સ્થાપના દિવસ

1 મે, 2022ના રોજ ગુજરાતના 62મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.




- ભારતની આઝાદી બાદ 'બૃહદ્ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ' માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ ઉજવાય છે.

**નોંધ:** (1) ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઓળખાય છે.

(2) ગુજરાત સ્થાપના દિવસ 2022ની રાજ્ય કક્ષાની ઉજવણી પાટણ શહેરમાં કરવામાં આવી હતી.

(3) ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ

દર વર્ષે 1 મે ના રોજ સમગ્ર વિશ્વમાં આર્થિક અને સામાજિક અધિકારોને પ્રાપ્ત કરવા માટે તથા શ્રમિકોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસને 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' અને 'મે દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ દિવસ દરમિયાન આઠ કલાકના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- પહેલાના સમયમાં મજૂરોની કામ કરવાની સ્થિતિ વધારે ગંભીર હતી અને આ સમય દરમિયાન મજૂરોને 10 થી 16 કલાક સુધી કામ કરવું પડતું હતું આથી ઘણા મજૂરોના મૃત્યુ થતા હતા.
- વર્ષ 1866માં અમેરિકાના શિકાગોમાં મજૂરોએ એક અઠવાડિયામાં દરરોજ આઠ કલાક કામ અને એક દિવસની રજાની માંગ કરી હતી.

- આ અંતર્ગત મજૂરોના સંઘર્ષ બાદ વર્ષ 1886માં 'અમેરિકન ફેડરેશન ઓફ લેબર' દ્વારા શિકાગોમાં મજૂરો માટે કાનૂની સમય ઘોષિત કરવામાં આવ્યો.
- ત્યારબાદ વર્ષ 1889માં પેરિસમાં આયોજિત આંતરરાષ્ટ્રીય શ્રમિકોની મહાસભાની બીજી બેઠક પેરિસમાં યોજાઈ હતી અને એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- આ ઠરાવ અંતર્ગત 1 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

નોંધ: (1) 1 મે, 1923ના રોજ ચેન્નાઈ (અગાઉ મદ્રાસ)માં ભારતમાં પ્રથમ વખત મજૂર દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) આ પહેલ સૌપ્રથમ ભારતના 'લેબર કિસાન પાર્ટી'ના વડા સિંગારવેલુ દ્વારા કરવામાં આવી હતી.

## GAGAN Satellite Technology

તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ 'ગગન' (GAGAN- GPS Aided Geo Augmented Navigation) આધારિત LPV અભિગમ પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક હળવુ પરીક્ષણ (Light Trial) કર્યુ હતું.

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ ગગન નામની આ નવીનતમ સ્વદેશી સેટેલાઈટ આધારિત ઓગમેન્ટેડ સિસ્ટમ ટેકનોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યા પછી ભારતે એક મોટી સિધ્ધિ હાંસલ કરી છે.
- રાજસ્થાનના કિશનગઢ એરપોર્ટ પર ઉત્તરાણ કરતી વખતે સ્વદેશી રીતે વિકસિત સેટેલાઈટ આધારિત નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરનાર ઈન્ડિગો એશિયાની પ્રથમ એરલાઈન બની હતી.
- ભારત એશિયા પેસિફિક ક્ષેત્રનો પ્રથમ દેશ છે જેમણે આ સિધ્ધિ હાંસલ કરી છે.
- GAGAN આધારિત LPV ઈન્સ્ટ્રુમેન્ટ એપ્રોચ પ્રક્રિયાઓના વિકાસ માટે પ્રાદેશિક કનેક્ટિવિટી પ્લાન હેઠળ કેટલાક એરપોર્ટનો સર્વે કરવામાં આવી રહ્યો છે.
- આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કે યોગ્ય રીતે સજ્જ એરક્રાફટ લેન્ડિંગ, સમયની બચત, એરક્રાફટ ડાયવર્ઝન અને કેન્સલેશન, ઈંધણના વપરાશમાં ઘટાડો વગેરે દરમિયાન સુધારેલી સલામતીના સંદર્ભમાં મહત્તમ લાભ પ્રાપ્ત કરી શકે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## LPV વિશે

LPV નું પૂરું નામ 'Localizer Performance with Vertical Guidance' છે.

- LPV એ ઉપગ્રહ આધારિત પ્રક્રિયા છે જેનો ઉપયોગ વિમાન દ્વારા ઉત્તરાણ માટે થાય છે.
- LPV નાના પ્રાદેશિક અને સ્થાનિક એરપોર્ટ પર એરક્રાફ્ટ લેન્ડ કરવાનું શક્ય બનાવે છે. જ્યાં મોંઘા સાધનો, લેન્ડિંગ સિસ્ટમના માધ્યમો ઉપલબ્ધ નથી.
- એરક્રાફ્ટની ઊંચાઈને 250 ફૂટ સુધી ઘટાડવાનો નિર્ણય ખરાબ હવામાન અને ઓછી દૃશ્યતાની સ્થિતિમાં કામગીરીમાં મદદ કરે છે.
- આમ એક એરપોર્ટ કે જેને ઓછામાં ઓછી વિઝિબિલિટીની જરૂર હોય છે, આવા એરપોર્ટ દૂરના એરપોર્ટથી આવતા વિમાનોને સ્વીકારી શકશે. (જે ચોકસાઈ અભિગમ ક્ષમતાના સાધનોથી વંચિત છે.)

## GAGAN

તે એક સેટેલાઈટ આધારિત ઓગમેન્ટેશન સિસ્ટમ (SBAS) છે.

- ગગનને ISRO અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
- જેથી કરીને ભારતીય ફ્લાઈટ ઈન્ફોર્મેશન રિજનને ફ્રન્ટિયર ફ્લાઈટ ઈન્ફોર્મેશન રિજન (FIR) સુધી વિસ્તરણ કરવાની ક્ષમતા સાથે શ્રેષ્ઠ સંભવિત નેવિગેશનલ સેવાઓ પ્રદાન કરી શકે.
- GAGAN એ ઉપગ્રહ અને ગ્રાઉન્ડ સ્ટેશનોની સિસ્ટમ છે જે GPS સિગ્નલને મોડ્યુલેટ કરે છે, જેનાથી સ્થિતિની વધુ સારી ચોકસાઈ પ્રાપ્ત થાય છે.
- વિષુવવૃત્તિય પ્રદેશમાં ભારત અને પાડોશી દેશો માટે આ પ્રકારની પ્રથમ પધ્ધતિ વિકસાવવામાં આવી છે.
- ગગન સિસ્ટમને DGCA દ્વારા વર્ટિકલ ગાઈડન્સ (APV 1) અને એન–રૂટ (RNP 0.1) ઓપરેશન સાથેના અભિગમ માટે 2015માં પ્રમાણિત કરવામાં આવી હતી.
- વિશ્વમાં માત્ર ચાર દેશો પાસે અવકાશ આધારિત વૃધ્ધિ પ્રણાલી છે. જે આ મુજબ છે :

(1) ભારત– GAGAN

(2) અમેરિકા– WAAS

(3) યુરોપ– EGNOS

(4) જાપાન– MSAS

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 1 મે ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?

1. ગુજરાત   2. મધ્યપ્રદેશ   3. મણિપુર   4. મહારાષ્ટ્ર

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1   (B) ફક્ત 1 અને 2   (C) ફક્ત 1 અને 3   (D) ફક્ત 1 અને 4   (D)

2. 1 મે, 2022ના રોજ ગુજરાતના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 60મા   (B) 61મા   (C) 62મા   (D) 63મા   (C)

3. ગુજરાતનો સ્થાપના દિવસ કયા નામે ઓળખાય છે ?

(A) ગુજરાત શૌર્ય દિન   (B) ગુજરાત સંકલ્પ દિન

(C) ગુજરાત ગૌરવ દિન   (D) ગુજરાત નવનિર્માણ દિન   (C)

4. 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' અથવા તો 'મે દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 મે   (B) 2 મે   (C) 3 મે   (D) 4 મે   (A)

5. તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)એ GAGAN નામની નવીનતમ સ્વદેશી સેટેલાઈટ આધારિત ઓગ્મેન્ટેડ સિસ્ટમ ટેક્નોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. આ GAGAN સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક સેટેલાઈટ આધારિત ઓગ્મેન્ટેશન સિસ્ટમ છે.

2. GAGANને ISRO અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.

3. તે ઉપગ્રહો અને ગ્રાઉન્ડ સ્ટેશનોની સિસ્ટમ છે જે GPS સિગ્નલને મોડ્યુલેટ કરે છે, જેનાથી સ્થિતિને વધુ સારી ચોક્કસાઈ પ્રાપ્ત થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2   (B) ફક્ત 1 અને 3   (C) ફક્ત 2 અને 3   (D) 1, 2 અને 3   (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 2 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષમાં બે વખત ઉજવવામાં આવે છે.

- એક 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' 26 સપ્ટેમ્બર અને બીજો 2 મે ના દિવસે ઉજવવામાં આવે છે.
- આ દિવસ નિમિત્તે ખગોળશાસ્ત્રની સંસ્થાઓ, પ્લેનેટેરિયમ અને સંગ્રહાલયો વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરે છે તથા ખગોળશાસ્ત્રની દુનિયા વિશે જાગૃતિ ફેલાવે છે.
- વર્ષ 1973માં આ દિવસની પ્રથમવાર ઉજવણી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ એસોસિએશનના તત્કાલીન પ્રમુખ શ્રી ડગ બર્જર દ્વારા કરવામાં આવી હતી.

નોંધ: (1) 2009ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2009માં ગેલેલિયોની શોધની 400મી વર્ષગાંઠ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Integrated Road Accident Database (iRAD) Project

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સેન્ટ્રલ એક્સિડન્ટ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ' શરૂ કરવામાં આવી છે.




- જે માર્ગ અકસ્માતના કારણોનું પૃથ્થકરણ કરવામાં અને ભારતમાં આવા અકસ્માતોને ઘટાડવાના હેતુથી સલામતીના પગલાં વિકસાવવામાં મદદરૂપ સાબિત થશે.
- આ સિસ્ટમનું નામ **'Integrated Road Accident Database (iRAD)'** છે.
- તે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયની પહેલ છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી– મદ્રાસ (IIT-M) દ્વારા આ સિસ્ટમ વિકસાવવામાં આવી છે.
- આ સિસ્ટમ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.
- આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. 258 કરોડ છે અને તેને વિશ્વ બેંક દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

- વર્ષ 2019માં iRADની દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ Covid-19 મહામારીના કારણે તેમના અમલીકરણમાં વિલંબ થયો હતો.
- ફેબ્રુઆરી 2022માં મધ્યપ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને તમિલનાડુ જેવા 6 રાજ્યોના 59 જિલ્લાઓમાં આ સિસ્ટમ પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી છે.
- તાજેતરમાં જ આ પ્રોજેક્ટ ચંદીગઢમાં લોન્ચ કરવામાં આવ્યો હતો.

## iRAD

iRAD એ વેબ–આધારિત ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) સોલ્યુશન છે જે પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD), પોલીસ વગેરે જેવી વિવિધ એજન્સીઓને રોડ એન્જિનિયરિંગ, તપાસ, સ્થિતિ જેવા વિવિધ દષ્ટિકોણથી માર્ગ અકસ્માત વિશે વિગતો રેકોર્ડ કરવામાં મદદ કરશે.

## iRADનું કાર્ય

iRAD મોબાઈલ એપ્લિકેશન પોલીસ કર્મચારીઓને વીડિયો અને ફોટો સાથે માર્ગ અકસ્માતની વિગતો દાખલ કરવાની મંજૂરી આપશે.

- ત્યારબાદ અપલોડ કરાયેલી ઘટના માટે એક અનન્ય ID જનરેટ થશે.
- તે પછી સ્થાનિક સંસ્થા અથવા PWDના એન્જિનિયરને તેમના મોબાઈલ ઉપકરણ પર ચેતવણી પ્રાપ્ત થશે.
- ત્યારબાદ તેઓ સાઈટની મુલાકાત લેશે, તેને તપાસશે અને તમામ જરૂરી વિગતો જેમ કે રોડ ડિઝાઈન વગેરે અપલોડ કરશે.
- એકત્રિત કરવામાં આવેલા ડેટાનું IIT-M ખાતે એક ટીમ દ્વારા વિશ્લેષણ કરવામાં આવશે અને ત્યારબાદ સુધારાત્મક પગલાં સૂચવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સેમિકોન ઇન્ડિયા, 2022 કોન્ફરન્સ

તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે બેંગ્લોરમાં 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ પ્રથમ 'સેમિકોન ઈન્ડિયા, 2022 કોન્ફરન્સ' (Semicon India Conference, 2022)નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- ભારતને ઈલેક્ટ્રોનિક્સ, મેન્યુફેક્ચરિંગ અને સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીનું વૈશ્વિક હબ બનાવવાના PMના વિઝનને સાકાર કરવામાં આ એક મોટા પગલાં તરીકે કામ કરશે.
- આ કોન્ફરન્સની થીમ 'ભારતના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું ઉત્પ્રેરક' હતી.

# ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન




ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) માર્ચ 2022માં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના નેજા હેઠળ રૂ. 76,000 કરોડના કુલ નાણાકીય ખર્ચ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું.

- દેશમાં ટકાઉ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઈકોસિસ્ટમ વિકસાવવા માટેના વ્યાપક કાર્યક્રમનો આ એક ભાગ છે.
- આ પ્રોગ્રામનો ઉદ્દેશ સેમિકન્ડક્ટર, ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ અને ડિઝાઈન ઈકોસિસ્ટમમાં રોકાણ કરતી કંપનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.
- સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉદ્યોગમાં વૈશ્વિક નિષ્ણાતોની આગેવાની હેઠળ ISM યોજનાઓના કાર્યક્ષમ, સુસંગત અને સરળ અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.

## ઘટકો

**(1) ભારતમાં સેમિકન્ડક્ટર ફૈબ સ્થાપવા માટેની યોજના :**

તે દેશમાં સેમિકન્ડક્ટર વફર (વેફર) ફેબ્રિકેશન સુવિધાઓ સ્થાપિત કરવા માટે મોટા રોકાણોને આકર્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે સેમિકન્ડક્ટર ફૈબની સ્થાપના માટે અરજદારોને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**(2) ભારતમાં ડિસ્પ્લે ફૈબ સેટ કરવા માટેની યોજના :**

તે દેશમાં TFT LCD/ AMOLED આધારિત ડિસ્પ્લે ફેબ્રિકેશન સુવિધાઓ સ્થાપિત કરવા માટે મોટા રોકાણોને આકર્ષવાના ઉદ્દેશ્ય સાથે ડિસ્પ્લે ફૈબની સ્થાપના માટે પાત્ર અરજદારોને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**(3) ભારતમાં કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર/સિલિકોન ફોટોનિક્સ/સેન્સર ફેબ અને સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ (ATMP)/OSAT સુવિધાઓની સ્થાપના માટેની યોજના :**

આ યોજના ભારતમાં કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર/ સિલિકોન ફોટોનિક્સ/ સેન્સર્સ (MsME સહિત) ફેબ અને સેમિકન્ડક્ટર ATMP/ OSAT (આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ) સુવિધાઓની સ્થાપના માટે પાત્રતા ધરાવતા અરજદારોને મૂડી ખર્ચના 30%ની નાણાકીય સહાય.

**(4) ડિઝાઈન લિંક્ડ ઈન્સેન્ટિવ (DLI) યોજના :**

તે ઈન્ટીગ્રેટેડ સર્કિટ (IC), ચિપસેટ, સિસ્ટમ ઓન ચિપ્સ (SoCS), સિસ્ટમ તથા IP કોરો અને સેમિકન્ડક્ટર લિંક્ડ ડિઝાઈનના વિકાસ અને જમાવટના વિવિધ તબક્કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભિગમ

ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને ડિઝાઈન માટે ભારતને વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરવા માટે વાઈબ્રન્ટ સેમિકન્ડક્ટર, ડિસ્પ્લે ડિઝાઈન અને ઈનોવેશન ઈકોસિસ્ટમ બનાવવાની જરૂર છે.

## મહત્ત્વ

સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉદ્યોગને સંરચિત, કેન્દ્રિત અને વ્યાપક રીતે પ્રોત્સાહિત કરવાના પ્રયાસોને સુવ્યવસ્થિત કરવા માટે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) ખૂબ જ મહત્વપૂર્ણ છે.

- તે દેશમાં સેમિકન્ડક્ટર્સ, ડિસ્પ્લે ઉત્પાદન સુવિધાઓ અને સેમિકન્ડક્ટર ડિઝાઈન ઈકોસિસ્ટમ વિકસાવવા માટે વ્યાપક લાંબાગાળાની વ્યૂહરચના ઘડશે.
- તે સુરક્ષિત સેમિકન્ડક્ટર્સ અને પર્ફોમન્સ સપ્લાય ચેઈન દ્વારા વિશ્વસનીય ઈલેક્ટ્રોનિક્સ અપનાવવાની સુવિધા આપશે જેમાં કાચો માલ, વિશેષ રસાયણો, ગેસ અને ઉત્પાદન સાધનોનો પણ સમાવેશ થશે.
- તે ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) સાધનો, ફાઉન્ડ્રી સેવાઓ અને પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટઅપ્સ માટે અન્ય યોગ્ય મિકેનિઝમ્સના સ્વરૂપમાં આવશ્યક સમર્થન પ્રદાન કરીને ભારતીય સેમિકન્ડક્ટર ડિઝાઈન ઉદ્યોગના સર્વાંગી વિકાસને સક્ષમ કરશે.
- તે સ્વદેશી બૌધ્ધિક સંપદા (IP) ઉત્પાદનને પ્રોત્સાહન અને સુવિધા આપવા સાથે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (ToT)ને સક્ષમ અને પ્રોત્સાહિત કરશે.
- ISM સહયોગી સંશોધન, વેપારીકરણ અને કૌશલ્ય વિકાસને ઉત્પ્રેરિત કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, ઉદ્યોગો અને સંસ્થાઓ સાથે સહયોગ અને ભાગીદારી કાર્યક્રમને પ્રોત્સાહન આપશે.

## સેમિકન્ડક્ટર ઉદ્યોગને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત

સેમિકન્ડક્ટર વૈશ્વિક અર્થતંત્રનો મુખ્ય ઘટક છે.

- આજની ટેકનોલોજીની દુનિયામાં જ્યારે લગભગ દરેક વસ્તુ ઈલેક્ટ્રોનિક સાધનોની આસપાસ ફરે છે ત્યારે આ માઈક્રોચિપ્સનું મહત્વ ઓછું આંકી શકાય નહીં.
- તે ઈન્ટિગ્રેટેડ સર્કિટ (IC) તરીકે પણ ઓળખાય છે, આ ચિપ્સ મુખ્યત્વે સિલિકોન અને જર્મેનિયમની બનેલી હોય છે.
- સ્માર્ટફોન, રેડિયો, ટીવી, લેપટોપ અથવા તો અદ્યતન તબીબી ઉપકરણો પણ આ ચિપ વિના બનાવી શકાતા નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક ઘટકો બનાવવા માટે થાય છે.
- આ ઉપરાંત <u>ઈ–વાહનોના</u> આગમન સાથે સેમિકન્ડક્ટર્સની માંગમાં મોટો ઉછાળો અપેક્ષિત છે.
- કોવિડ– 19 મહામારીએ દર્શાવ્યુ છે કે સમય જતા આ ઈલેક્ટ્રોનિક ઉપકરણની માંગ વધશે.
- દૂનિયામાં થોડા જ દેશ છે જે આ ચિપ બનાવે છે.
- યુનાઈટેડ સ્ટેટ્સ, તાઈવાન, દક્ષિણ કોરિયા, જાપાન અને નેધરલેન્ડ તેના અગ્રણી ઉત્પાદકો અને નિકાસકારો છે.
- આ ઉપરાંત જર્મની ઈન્ટિગ્રેટેડ સર્કિટનું ઉભરતું ઉત્પાદક પણ છે.
- આથી ભારતે પણ આ તકનો મહત્તમ લાભ ઉઠાવવો જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષમાં કેટલી વખત ઉજવવામાં આવે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(B)**

**2.** સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ખગોળ દિવસ' વર્ષમાં બે વખત ઉજવવામાં આવે છે આ બે દિવસ એટલે કયા દિવસો ?

(A) 26 સપ્ટેમ્બર અને 2 મે (B) 26 ઓગસ્ટ અને 2 મે

(C) 26 નવેમ્બર અને 2 મે (D) 26 ડિસેમ્બર અને 2 મે **(A)**

**3.** તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સેન્ટ્રલ એક્સિડન્ટ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ' શરૂ કરવામાં આવી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સિસ્ટમનું નામ 'Intergrated Road Accident Database (IRAD)' છે.
2. તે માર્ગ અને પરિવહન મંત્રાલયની પહેલ છે.
3. તે માર્ગ અકસ્માતના કારણોનું પૃથ્થુકરણ કરવામાં અને ભારતમાં આવા અકસ્માતોને ઘટાડવાના હેતુથી સલામતીના પગલાં વિકસાવવામાં મદદરૂપ સાબિત થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

**4.** તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે કયા સ્થળે 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ' પ્રથમ 'સેમિકોન ઈન્ડિયા 2022 કોન્ફરન્સ'નું આયોજન કર્યુ હતું ?

(A) બેંગ્લોર (B) ચેન્નાઈ (C) દિલ્હી (D) પૂણે **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 3 મે, (1) વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day)
## (2) વિશ્વ અસ્થમા દિવસ (મે મહિનાનો પ્રથમ મંગળવાર)

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

યુનાઈટેડ નેશન્સ અને યુનેસ્કો દ્વારા દર વર્ષે 3 મે ના રોજ 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ' અથવા તો 'પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતા અંગે જાગૃતિ ફેલાવવા માટે તથા પ્રેસની સ્વતંત્રતાના ઉલ્લંઘનની ગંભીરતાને ઉજાગર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કોની જનરલ કોન્ફરન્સની ભલામણ બાદ ડિસેમ્બર 1993માં સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1994થી દર વર્ષે 3 મે ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2022ની 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે'ની થીમ 'Journalism Under Digital Siege' (ડિજિટલ સીઝ હેઠળ પત્રકારત્વ) છે.

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન- 2022

વર્ષ 2022ના 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ના યજમાન દેશ તરીકે રિપબ્લિક ઓફ ઉરુગ્વેની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત 2 થી 5 મે 2022 દરમિયાન ઉરુગ્વેના પુન્તા ડેલ એસ્ટે (Punta Del Este) ખાતે 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિશ્વ અસ્થમા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2022માં 3 મે ના રોજ 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં અસ્થમાના રોગ અને કાળજી વિશે જાગૃતિ ફેલાવવાનો છે.



- સૌપ્રથમ 1998માં સ્પેન, બાર્સેલોના સહિત વિશ્વના આશરે 35 દેશોમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 'ગ્લોબલ ઈનેશિયેટિવ ફોર અસ્થમા' દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2022ની 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ 'Closing Gaps in Asthama Care' છે.

નોંધ: અસ્થમાને ગુજરાતીમાં દમ, હાંફ કે શ્વાસના રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક માટે આદેશ દસ્તાવેજ

તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), 2022 હેઠળ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક માટે 'આદેશ દસ્તાવેજ' (Mandate Document) બહાર પાડ્યો હતો.

- આદેશ દસ્તાવેજમાં બાળકોના સર્વાંગી વિકાસ, કૌશલ્યો પર ભાર, શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા, માતૃભાષામાં શિક્ષણ તથા સાંસ્કૃતિક જડતા પર ધ્યાન કેન્દ્રિત કરીને એક નમૂનારૂપ પરિવર્તન લાવવાની કલ્પના કરવામાં આવી છે.
- આ પગલું ભારતીય શિક્ષણ પ્રણાલીના ડિકોલોનાઈઝેશનની દિશામાં પણ મહત્વપૂર્ણ છે.

### રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક

પરિવર્તનશીલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટે કેન્દ્રમાં નવું રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) છે જે NEP 2020ના વિઝનને આપણી શાળાઓ અને વર્ગખંડોમાં વાસ્તવિકતામાં પરિવર્તિત કરીને દેશમાં શિક્ષણ અને અધ્યનમાં શ્રેષ્ઠતાને સશક્ત બનાવશે.

- NCFના વિકાસનું માર્ગદર્શન નેશનલ સ્ટીયરિંગ કમિટી (NSC) દ્વારા કરવામાં આવે છે.
- જેનું નેતૃત્વ ડો. કે. કસ્તુરીરંગન કરે છે જેને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) સાથે મેન્ડેટ ગ્રુપ દ્વારા સમર્થન મળે છે.
- NCFમાં નીચે મુજબ શામેલ હશે :

  (a) શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCFSE)

  (b) પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCFECCE)

  (c) શિક્ષકના શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCFTE)

  (d) પુખ્ત શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCFAE)
- સરકાર માને છે કે નવી શિક્ષણ નીતિ એક ફિલસૂફી છે, રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક માર્ગ અને હાલમાં બહાર પાડવામાં આવેલ દસ્તાવેજ તે આદેશ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જે 21મી સદીની બદલાતી માંગને અનુરૂપ અને ભવિષ્ય પર સકારાત્મક અસર કરે તેવું બંધારણ છે.
- આદેશ જૂથે નવા NCF પર આધારિત અભ્યાસક્રમમાં સુધારો કરવાની અંતિમ તારીખ 28 ફેબ્રુઆરી, 2023 નક્કી કરી છે.

## આદેશ દસ્તાવેજની મુખ્ય લાક્ષણિતાઓ

આદેશ દસ્તાવેજ અથવા મેન્ડેટ દસ્તાવેજની મુખ્ય લાક્ષણિતાઓ નીચે મુજબ છે :

### સલાહકાર પ્રક્રિયા

તે NCFના સુસંગત અને વ્યાપક વિકાસ માટે એક પધ્ધતિ સ્થાપિત કરે છે, જે પહેલાંથી ચાલી રહેલા વ્યાપક પરામર્શનો સંપૂર્ણ લાભ છે.

### બહુ-શિસ્ત શિક્ષણ

NEP 2020માં નિર્ધારિત સર્વગ્રાહી, સંકલિત અને બહુ–શિસ્ત શિક્ષણની ખાતરી કરવા માટે રચાયેલ પ્રક્રિયા ઊભી રીતે (તબક્કાઓમાં) અને આડી રીતે સીમલેસ એકીકરણની ખાતરી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શિક્ષણ માટે અનુકૂળ વાતાવરણ

તે NEP 2020 દ્વારા પરિકલ્પના કરાયેલ પરિવર્તનકારી સુધારાના એક અભિન્ન ભાગ તરીકે શિક્ષક શિક્ષણના અભ્યાસક્રમ સાથે શાળાઓના અભ્યાસક્રમ વચ્ચે નોંધપાત્ર જોડાણ સ્થાપિત કરે છે.

- આમ તમામ શિક્ષકો માટે સખત તૈયારી, સતત વ્યાવસાયિક વિકાસ અને સકારાત્મક કાર્ય વાતાવરણનો નિર્માણ કરવાનો છે.

### આજીવન શિક્ષણ

તે દેશના તમામ નાગરિકો માટે આજીવન શીખવાની તકો ઊભી કરવા માટે માહિતી પ્રદાન કરે છે.

### અદ્યતન સંશોધન

વાસ્તવિક જીવનના વર્ગખંડો અને શાળાઓને વિવિધ સંદર્ભોમાં દર્શાવવા માટે સરળ ભાષા, ધ્વનિ સિધ્ધાંત અને અદ્યતન સંશોધનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

નોંધ: (1) NCERTનું પૂરું નામ 'National Council of Educational Research and Training' છે.

(2) તેનું વડું મથક દિલ્હી ખાતે આવેલું છે.

## વીર કુંવર સિંહ વિજય ઉત્સવ

23 એપ્રિલ, 2022ના રોજ કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે બિહારના ભોજપુર જિલ્લાના જગદીશપુર ખાતે વીર કુંવર સિંહ વિજય ઉત્સવને સંબોધિત કર્યું હતું.

- આ વિજયોત્સવમાં શ્રી અમિતભાઈ શાહની હાજરીમાં એક નવો રેકોર્ડ સર્જાયો હતો.
- આ કાર્યક્રમમાં શ્રી અમિતભાઈ શાહ સાથે મળીને 78,000 થી વધુ લોકોએ પાંચ મિનિટ સુધી રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.
- ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા તેની નોંધ પણ લેવામાં આવી હતી.
- નોંધનીય છે કે વર્ષ 2014માં પાકિસ્તાને એક સાથે લગભગ 57,000 ધ્વજ લહેરાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વીર કુંવર સિંહ



વીર કુંવર સિંહ જગદીશપુરના પરમાર રાજપૂતોના ઉજ્જૈનીયા કુળના પરિવારના હતા, જે હાલમાં બિહારના ભોજપુર જિલ્લાનો એક ભાગ છે.

- તેઓ બિહારમાં અંગ્રેજો સામેની લડાઈના મુખ્ય ક્રાંતિકારી હતા.
- તેમને બાબુ કુંવર સિંહ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 1857ના સંગ્રામ દરમિયાન વીર કુંવર સિંહે બિહારમાં નેતૃત્વ કર્યુ હતું.
- આ સમયે તેઓ લગભગ 80 વર્ષના હતા. આ સમયે જ્યારે તેમને શસ્ત્રો ઉપાડવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમની તબિયત ખરાબ હતી.
- તેમને તેમના ભાઈ બાબુ અમરસિંહ અને તેમના સેનાપતિ હરે કૃષ્ણ સિંહ એ મદદ કરી હતી. કેટલાક લોકોનું માનવું છે કે કુંવર સિંહની પ્રારંભિક લશ્કરી સફળતા પાછળનું વાસ્તવિક કારણ આ હતું.
- તેમણે ઉત્તમ લડાયક કૌશલ્ય પ્રદર્શિત કર્યુ હતું અને લગભગ એક વર્ષ સુધી બ્રિટિશ સેનાને પરેશાન કરી અને અંત સુધી અજય રહ્યા હતા.
- તેઓ ગેરીલા યુધ્ધની કળામાં નિષ્ણાત હતા.
- 26 એપ્રિલ, 1858ના રોજ તેમનું અવસાન થયું હતું.
- ભારતના સ્વાતંત્ર્ય ચળવળમાં તેમના યોગદાન બદલ 23 એપ્રિલ, 1966ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા તેમના સન્માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ‘પ્રેસ દિવસ’ અથવા તો ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે (B)

2. વર્ષ 2022ની ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ની થીમ શું છે ?

(A) Journalism without fear or interfere

(B) Freedom of Information : the right know

(C) The Media as drivers of change

(D) Journalism Under Digital Siege (D)

3. વર્ષ 2022ના ‘પ્રેસ સ્વતંત્રતા દિવસ’નો યજમાન દેશ કયો છે ?

(A) સ્વીડન (B) ફિનલેન્ડ (C) નોર્વે (D) ઉરુગ્વે (D)

4. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) માટે 'Mandate Document' લોન્ચ કર્યુ છે ?

(A) શિક્ષણ મંત્રાલય (B) વાણિજ્ય મંત્રાલય

(C) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (D) નાણા મંત્રાલય (A)

5. તાજેતરમાં કયા સ્થળે શ્રી અમિતભાઈ શાહની હાજરીમાં 78,000 થી વધુ લોકોએ પાંચ મિનિટ સુધી રાષ્ટ્રધ્વજ લહેરાવી એક રેકોર્ડ બનાવ્યો હતો ?

(A) જગદિશપુર (જિ. ભોજપુર, બિહાર) (B) અમરપુરા (જિ. ઉદયપુર, રાજસ્થાન)

(C) નડાબેટ (જિ. બનાસકાંઠા, ગુજરાત) (D) કાકોરી (જિ. લખનૌ, ઉત્તરપ્રદેશ) (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 મે, આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day)

દર વર્ષે 4 મે ના રોજ વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ'નું આયોજન કરવામાં આવે છે.




- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય એવા અગ્નિશામકોને યાદ કરવાનો છે જેમણે સમાજની રક્ષા કરતા પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.
- નોંધનીય છે કે 4 જાન્યુઆરી, 1999ના રોજ ઓસ્ટ્રેલિયાના જંગલમાં લાગેલી આગને બુઝાવતી વખતે પાંચ અગ્નિશામકો મૃત્યુ પામ્યા હતા.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસનું પ્રતીક લાલ અને વાદળી રિબિન છે, જેમાં લાલ રંગ અગ્નિનું પ્રતિનિધિત્વ કરે છે અને વાદળી રંગ પાણીનું પ્રતિનિધિત્વ કરે છે.
- અને આ રંગો સમગ્ર વિશ્વમાં ઈમરજન્સી સેવાઓ સૂચવે છે.

## World Press Freedom Index 2022માં ભારત 150માં ક્રમે

Reporters Without Borders દ્વારા તાજેતરમાં World Press Freedom Index 2022 પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 180 દેશોમાં ભારત 150મા ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2021માં આ ઈન્ડેક્સમાં ભારત 142મા ક્રમે હતું.
- વર્ષ 2022માં પ્રસિધ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં નોર્વે પ્રથમ ક્રમે છે, જે 2019, 2020 અને 2021માં પણ પ્રથમ ક્રમે જ હતું.
- નોર્વે બાદ ડેનમાર્ક બીજા અને સ્વીડન ત્રીજા ક્રમાંકે છે.
- જ્યારે ઉત્તર કોરિયા અંતિમ 180માં ક્રમે છે.

## World Press Freedom Index 2022 Rank

| Rank | Country | Global Score | Rank | Country | Global Score |
|---|---|---|---|---|---|
| 1 | નોર્વે | 92.65 | 150 | ભારત | 41.00 |
| 2 | ડેનમાર્ક | 90.27 | 155 | રશિયા | 38.82 |
| 3 | સ્વીડન | 88.84 | 156 | અફઘાનિસ્તાન | 38.27 |
| 4 | એસ્ટોનિયા | 88.83 | 157 | પાકિસ્તાન | 37.99 |
| 5 | ફિનલેન્ડ | 88.42 | 162 | બાંગ્લાદેશ | 36.63 |
| 33 | ભૂટાન | 76.46 | 175 | ચીન | 25.17 |
| 76 | નેપાળ | 62.67 | 176 | મ્યાનમાર | 25.03 |
| 146 | શ્રીલંકા | 42.13 | 180 | ઉત્તર કોરિયા | 13.92 |

## World Press Freedom Index

Reporters without Border દ્વારા વર્ષ 2002થી દર વર્ષે આ ઈન્ડેક્સ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- પેરિસ સ્થિત રિપોર્ટર્સ સેન્સ ફ્રન્ટિયર્સ (RSF) અથવા રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ એ સંયુક્ત રાષ્ટ્ર, યુરોપિયન કાઉન્સિલ અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર ફ્રાન્કોફોની (OIF) માટે સલાહકાર દરજ્જો ધરાવતી સ્વતંત્ર બિન–સરકારી સંસ્થા છે.
- નોંધનીય છે કે OIF એ ફ્રેન્ચ ભાષી રાષ્ટ્રનું જૂથ છે.
- આ ઈન્ડેક્સમાં પત્રકારોને મળતી સ્વતંત્રતાને આધારે વિશ્વના 180 દેશોને રેન્ક આપવામાં આવે છે.
- ઈન્ડેક્સનું રેન્કિંગ 0 થી 100 સુધીના સ્કોર પર આધારિત છે, જેમાં 100 ઉચ્ચતમ સ્કોર અને 0 સૌથી ખરાબ સ્કોરનું પ્રતિનિધિત્વ કરે છે.

નોંધ: (1) ભારત વર્ષ 2021ના 142માં ક્રમેથી વર્ષ 2022માં આઠ સ્થાન ખસીને 150માં સ્થાને આવી ગયું છે.

(2) 2016ના ઈન્ડેક્સમાં ભારત 133માં ક્રમે હતું ત્યારથી તેનું રેન્કિંગ સતત ઘટી રહ્યું છે.

(3) રેન્કિંગમાં ઘટાડા પાછળનું કારણ 'પત્રકારો સામેની હિંસા' અને 'રાજકીય રીતે પક્ષપાતી મીડિયા'માં વધારો છે.

(4) નેપાળ આ રેન્કિંગમાં અગાઉના રેન્કથી 30 પોઈન્ટનો છલાંગ લગાવીને 76માં સ્થાને પહોંચી ગયું છે.

## અનંગ તાલ તળાવ

તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે દક્ષિણ દિલ્હીમાં સ્થિત ઐતિહાસિક અનંગ તાલ તળાવને પુનઃ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે.

- નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરિટી (NMA) અને આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI)એ સત્તાવાળાઓને તેના સંરક્ષણ કાર્યને ઝડપી બનાવવા જણાવ્યું છે જેથી કરીને આ સ્થળને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરી શકાય.

### અનંગ તાલ તળાવ

અનંગ તાલ તળાવ દિલ્હીના મહેરૌલીમાં આવેલું છે, જેનું નિર્માણ તોમર રાજા શ્રી અનંગપાલ દ્વિતીય દ્વારા ઈ.સ. 1060માં કરવામાં આવ્યું હતું.

- તેમણે 11મી સદીમાં દિલ્હીની સ્થાપના કરી અને સ્થાયી થયા હોવાનું જાણવા મળે છે.
- હજાર વર્ષ જૂનુ અનંગ તાલ દિલ્હીના શરૂઆતના દિવસોને દર્શાવે છે.
- અનંગ તાલનું રાજસ્થાન સાથે મજબૂત જોડાણ છે કારણ કે મહારાજા અનંગપાલ પૃથ્વીરાજ ચૌહાણના દાદા તરીકે ઓળખાય છે, જેમનો કિલ્લો રાય પિથોરા ASIની યાદીમાં સામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### શ્રી અનંગપાલ દ્વિતીય

શ્રી અનંગપાલ દ્વિતીયને અનંગપાલ તોમર તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેઓ તોમર વંશના શાસક હતા.
- તેઓ ધિલ્લિકા પુરીના સ્થાપક હતા, જે આખરે દિલ્હીના નામથી ઓળખાયું.
- કુતુબ મિનારની બાજુમાં આવેલી મસ્જિદ કુવ્વત–ઉલ–ઈસ્લામના લોખંડના સ્તંભ પર દિલ્હીના પ્રારંભિક ઈતિહાસના પુરાવા કોતરેલા છે.
- અનેક શિલાલેખો અને સિક્કાઓનો અભ્યાસ સૂચવે છે કે અનંગપાલ તોમર 8મી થી 12મી સદી વચ્ચે દિલ્હી અને હરિયાણાના શાસક હતા.
- શ્રી અનંગપાલ તોમર દ્વિતીય પછી તેમના પૌત્ર શ્રી પૃથ્વીરાજ ચૌહાણ (ચહમાન/ ચૌહાણ વંશના રાજા) તેમના અનુગામી બન્યા હતા.

1. 'આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ' (International Firefighter's Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે **(C)**

2. રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડ્સ દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2022'માં કુલ 180 દેશોમાંથી ભારત કયા ક્રમે છે ?

(A) 140 (B) 142 (C) 146 (D) 150 **(D)**

3. રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડ્સ દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2022'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) સ્વીડન (C) ફિનલેન્ડ (D) ડેન્માર્ક **(A)**

4. રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડ્સ દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2022'માં અંતિમ 180માં ક્રમે કયો દેશ છે ?

(A) દક્ષિણ કોરિયા (B) ઉત્તર કોરિયા (C) વેનેઝૂએલા (D) કોંગો **(B)**

5. તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે ..........માં સ્થિત ઐતિહાસિક અનંગ તાલ તળાવને પુનઃ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે.

(A) દક્ષિણ દિલ્હી (B) દક્ષિણ મુંબઈ (C) જયપુર (D) લખનૌ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# State of World's Forest Report 2022

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા 'State of World's Forest Report 2022' (SOFO 2022) બહાર પાડવામાં આવ્યો છે.



- નોંધનીય છે કે જંગલો અને જમીનના ઉપયોગ પર ગ્લાસગો નેતાઓની ઘોષણામાં 140 દેશોએ વર્ષ 2030 સુધીમાં જંગલોના નુકસાનને રોકવા અને તેમની પુનઃ સ્થાપના અને ટકાઉ ઉત્પાદન અને વપરાશને સમર્થન આપવાનું વચન આપ્યું હતું.

## રિપોર્ટની મુખ્ય વિશેષતાઓ

### વનનાબૂદી

વનનાબૂદી કારણે 1990 અને 2020ની વચ્ચે 420 મિલિયન હેક્ટર (Mha) જંગલો નષ્ટ થયા છે.

- જોકે પૃથ્વીના ભૌગોલિક વિસ્તારના 4.06 બિલિયન હેક્ટર વિસ્તારને જંગલો આવરી લે છે.
- વનનાબૂદીના દરમાં ઘટાડો થયો હોવા છતાં 2015 અને 2020ની વચ્ચે દર વર્ષે 10 મિલિયન હેક્ટર જંગલો નષ્ટ થયા છે.
- 2016 અને 2050ની વચ્ચે એકલા ઉષ્ણકટિબંધમાં અંદાજિત 289 મિલિયન હેક્ટર જંગલોનો નાશ થશે, જો વધારાના પગલાં લેવામાં નહીં આવે તો 169 GtCo2e ઉત્સર્જન થશે.
- નોંધનીય છે કે વૈશ્વિક વાર્ષિક Co2 સમકક્ષ ઉત્સર્જન (GtCo2e/ year)ના આધારે ગ્રીનહાઉસ ગેસનો કુલ જથ્થો અબજ ટન તરીકે દર્શાવવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ચેપી રોગમાં વધારો

250 ઉભરતા ચેપી રોગમાંથી 15% જંગલો સાથે સંકળાયેલા છે.

- ઉદાહરણ તરીકે Covid-19, દવા પ્રતિરોધક ચેપ (એન્ટિમાઈક્રોબાયલ), ઝિકા વાયરસ વગેરે.
- 1960થી નોંધાયેલા 30% નવા રોગો માટે વનનાબૂદી અને જમીન–ઉપયોગ–પરિવર્તનને જવાબદાર ગણી શકાય.

## ગરીબી સ્તરમાં વધારો

ગેરકાયદેસર વન્યપ્રાણી વેપારને રોકવા, જમીનના ઉપયોગના ફેરફારને ટાળવા અને દેખરેખ વધારવા પર આધારિત વૈશ્વિક મહામારીની નિયંત્રણ વ્યૂહરચનાઓના ખર્ચનો અંદાજ 22 મિલિયન અમેરિકન ડોલરથી વધી 31 મિલિયન અમેરિકન ડોલર થયો છે.

- Covid-19 મહામારી પછી 124 મિલિયનથી વધુ લોકો અત્યંત ગરીબીમાં આવી ગયા અને મહામારી દરમિયાન કેટલાક દેશોમાં લાકડા આધારિત ઈંધણ (જલાઉ લાકડી અને કોલસો)નો ઉપયોગ વધ્યો, જેની લાંબા ગાળે અસરો થઈ શકે છે.

## કુદરતી સંસાધનોનો વપરાશ

વર્ષ 2050 સુધીમાં વિશ્વની વસતી 9.7 અબજ સુધી પહોંચવાનો અંદાજ છે, જે જમીન માટેની સ્પર્ધામાં વધારો કરશે, કારણ કે આ મોટી વસતી માટે ખોરાકની માંગ વર્ષ 2050 સુધીમાં 35 થી 56% સુધી વધશે.

- વસતીના કદ અને સમૃધ્ધિમાં વધારો થવાને કારણે તમામ કુદરતી સંસાધનોનો સંયુક્ત વાર્ષિક વૈશ્વિક વપરાશ 2017મા 92 અબજ ટનથી વધીને 2060માં 190 અબજ ટન થવાની ધારણા છે.
- વાર્ષિક બાયોમાસ નિષ્કર્ષ વર્ષ 2017માં 24 અબજ ટનથી વધીને વર્ષ 2060 સુધીમાં 44 અબજ ટન સુધી પહોંચવાની અપેક્ષા છે.
- મુખ્યત્વે ઉત્પાદન અને પેકેજિંગને કારણે જંગલ આધારિત બાયોમાસની માંગમાં વધુ વધારો થવાની સંભાવના છે.

## જંગલો પર GDPની નિર્ભરતા

એવો અંદાજ છે કે વિશ્વના કુલ GDPના અડધાથી વધુ (વર્ષ 2020માં 84.4 ટ્રિલિયન અમેરિકન ડોલર) જંગલો દ્વારા પૂરી પાડવામાં આવતી ઈકોસિસ્ટમ સેવાઓ પર નજીવા (પ્રતિવર્ષ 31 ટ્રિલિયન ડોલર) અથવા વધુ પડતા (પ્રતિવર્ષ 13 ટ્રિલિયન અમેરિકન ડોલર) આધાર રાખે છે.

- ઈકોસિસ્ટમ સેવાઓ માનવ જીવનને સંભવ બનાવે છે, ઉદાહરણ તરીકે પૌષ્ટિક ખોરાક અને સ્વચ્છ પાણી પૂરુ પાડવું, રોગ અને આબોહવાને નિયંત્રિત કરવું, પાકના પરાગનયન અને જમીનની રચનાને ટેકો આપવો અને મનોરંજન, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક લાભો પ્રદાન કરવા વગેરેનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ રિપોર્ટમાં શું સૂચનો કરવામાં આવ્યા છે ?

આ રિપોર્ટમાં ગ્રીન સુધારા પ્રાપ્ત કરવા અને પર્યાવરણીય કટોકટીનો સામનો કરવા માટે ત્રણ આંતરસંબંધિત માર્ગો સુચવવામાં આવ્યા છે :

(1) વનનાબૂદી અટકાવવી અને જંગલોની જાળવણી કરવી.

(2) ક્ષીણ થઈ ગયેલી જમીનને પુનઃસ્થાપિત કરવી અને કૃષિ વનીકરણનું વિસ્તરણ.

(3) જંગલોનો ટકાઉ ઉપયોગ અને ગ્રીન વેલ્યુ ચેઈનનું નિર્માણ.

નોંધ: (1) જાન્યુઆરી 2022માં કેન્દ્રીય પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયે 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' બહાર પાડ્યો હતો.

(2) ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ફોરેસ્ટ રિપોર્ટ એ દ્વિ–વાર્ષિક રીતે પ્રકાશિત થાય છે અને તેને વન ઈકોસિસ્ટમ પરના મહત્વપૂર્ણ ડેટા અથવા સ્ટોક તરીકે વ્યાપકપણે ગણવામાં આવે છે.

## FAO

FAOનું પૂરું નામ 'Food and Agriculture Organization' છે.

- FAO એ સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ એજન્સી છે જે ભૂખમરો ટાળવા માટેના આંતરરાષ્ટ્રીય પ્રયત્નોનું નેતૃત્વ કરે છે.
- તેની સ્થાપના 16 ઓક્ટોબર, 1945ના રોજ કરવામાં આવી હતી.
- તેની સ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે દર વર્ષે 16 ઓક્ટોબરે વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- તેનું મુખ્યમથક ઈટાલીના રોમ ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સિટીઝન રજીસ્ટ્રેશન સિસ્ટમ ઓફ ઇન્ડિયા રિપોર્ટ

તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 2020 સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ રિપોર્ટ (CRS)ના આધારે મહત્વપૂર્ણ આંકડાકીય અહેવાલ અનુસાર વર્ષ 2020માં દેશમાં જન્મ સમયે સૌથી વધુ જાતિ ગુણોત્તર કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં નોંધવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- જન્મ સમયે લિંગ ગુણોત્તર એ દર હજાર પુરુષોએ જન્મેલી સ્ત્રીઓની સંખ્યા છે.
- વસતીના લિંગ તફાવતને માપવા માટે તે એક મહત્વપૂર્ણ સૂચક છે.

## અહેવાલના મુખ્ય મુદ્દાઓ

## જન્મ સમયે ઉચ્ચ લિંગ ગુણોત્તર (SRB)

જન્મ સમયે ઉચ્ચ લિંગ ગુણોત્તર વર્ષ 2020માં સૌથી વધુ લદ્દાખ (1104)માં નોંધાયેલ છે.

- ત્યારબાદ અરુણાચલ પ્રદેશ (1011), આંદામાન અને નિકોબાર ટાપુઓ (984), ત્રિપુરા (974) અને કેરળ (969) છે.
- નોંધનીય છે કે વર્ષ 2019માં જન્મ સમયે સૌથી વધુ લિંગ ગુણોત્તર અરુણાચલ પ્રદેશમાં (1024) નોંધવામાં આવ્યો હતો.
- જન્મ સમયે લિંગ ગુણોત્તરની માહિતી મહારાષ્ટ્ર, સિક્કિમ, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં ઉપલબ્ધ નથી.

## જન્મ સમયે સૌથી નીચો લિંગ ગુણોત્તર

વર્ષ 2020માં જન્મ સમયે સૌથી ઓછો લિંગ ગુણોત્તર નોંધાયેલ ટોચના પાંચ રાજ્યોમાં મણિપુર (880), દાદરા અને નગર હવેલી અને દિવ અને દમણ (898), ગુજરાત (909), હરિયાણા (916) તથા મધ્યપ્રદેશ (921)નો સમાવેશ થાય છે.

- વર્ષ 2019માં સૌથી ઓછો લિંગ ગુણોત્તર ગુજરાત (901)માં હતો.

## જન્મદર

નાગાલેન્ડ, પુડુચેરી, તેલંગાણા, મણિપુર, દિલ્હી, અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, કેરળ, ગુજરાત, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ, તમિલનાડુ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, મિઝોરમ તથા ચંદીગઢમાં નોંધાયેલ જન્મદરમાં ઘટાડો જોવા મળ્યો છે.

- જ્યારે લક્ષદ્વીપ, બિહાર, હરિયાણા, સિક્કિમ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં નોંધાયેલ જન્મદરમાં વધારો નોંધાયો હતો.

## મૃત્યુદર

મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ, હરિયાણા, કર્ણાટક, તમિલનાડુ, સિક્કિમ, પંજાબ, મધ્યપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન, આંદામાન–નિકોબાર અને આસામમાં વર્ષ 2019ની સરખામણીમાં 2020માં મૃત્યુદરમાં વધારો નોંધાયો હતો.

- બિહારમાં સૌથી વધુ મૃત્યુદર 18.3% છે, ત્યારબાદ મહારાષ્ટ્ર 16.6% સાથે અને આસામમાં 14.7% છે.
- મણિપુર, ચંદિગઢ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પુડુચેરી, અરુણાચલ પ્રદેશ અને કેરળ જેવા રાજ્યોમાં વર્ષ 2019ની સરખામણીમાં વર્ષ 2020માં મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શિશુ મૃત્યુદર

આ રિપોર્ટ જણાવે છે કે વર્ષ 2020માં 1,43,379 શિશુ મૃત્યુ નોંધાયા હતા. જેમાં ગ્રામીણ વિસ્તારનો હિસ્સો માત્ર 23.4% હતો.

- જ્યારે કુલ નોંધાયેલા શિશુ મૃત્યુના 76.6% શહેરી વિસ્તારમાં નોંધાયા હતા.
- નોંધણીકર્તાઓને બાળ મૃત્યુની જાણ ન કરવાને કારણે ગ્રામીણ વિસ્તારોમાં શિશુ મૃત્યુની નોંધણી ન થવી એ ચિંતાનો વિષય હતો, ખાસ કરીને ઘરેલું ઘટનાઓના કિસ્સાઓમાં

## ભારતના રજિસ્ટ્રાર જનરલ વિશે

ભારતના રજિસ્ટ્રાર જનરલની સ્થાપના વર્ષ 1961માં ભારત સરકાર દ્વારા ગૃહ મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી.

- તે ભારતની વસતી ગણતરી અને ભારતની ભાષા સર્વેક્ષણ સહિત ભારતના વસતી વિષયક સર્વેક્ષણોના પરિણામોનું આયોજન, સંચાલન અને વિશ્લેષણ કરે છે.
- સામાન્ય રીતે સિવિલ સર્વન્ટને રજિસ્ટ્રારના પદ પર નિયુક્ત કરવામાં આવે છે, જેનો રેન્ક જોઈન્ટ સેક્રેટરી જેવો હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# RBIએ પોલિસી રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પોલિસી રેપો રેટમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે.



- આ સાથે રેપો રેટ વધીને 4.40% થઈ ગયો છે.
- આ વધારો તાત્કાલીક અસરથી અમલમાં આવ્યો છે.
- વર્તમાન આર્થિક સ્થિતિના મૂલ્યાંકનના આધારે મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટ વધારવાનો નિર્ણય લીધો છે.
- તેનાથી ફુગાવાને અપેક્ષિત સ્તરે રાખવામાં મદદ મળશે.
- આ બેઠકમાં મોનેટરી પોલિસી કમિટી (MPC)એ સર્વસંમતિથી દરો વધારવાની તરફેણમાં મતદાન કર્યુ હતું.
- ઓગસ્ટ 2018 બાદ પ્રથમ વખત વ્યાજદરોમાં વધારો કરવામાં આવ્યો છે.
- પોલિસી રેટ વધવાથી હોમ લોન, ઓટો લોન સહિત તમામ પ્રકારની લોન મોંઘી થઈ જશે.

## અન્ય કયા દરો બદલાયા છે ?

રેપો રેટ વધીને 4.40 ટકા થયો છે.

- સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) રેટ 4.15% પર કરવામાં આવ્યો છે.
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટ અને બેંક રેટ 4.65% કરવામાં આવ્યો છે.
- વધેલા ફુગાવાને સરભર કરવા અને ભૌગોલિક રાજકીય તણાવની અસરને દૂર કરવા માટે કેશ રિઝર્વ રેશિયો (CRR) 50 બેસિસ પોઈન્ટ્સ વધારીને 4.50% કરવામાં આવ્યો છે.
- નોંધનીય છે કે કેશ રિઝર્વ રેશિયો (CRR)નો આ દર 21 મેથી લાગુ થશે.
- નોંધનીય છે કે રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો.

### RBI બેંકના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 4.40% |
| 2 | SDF | 4.15% |
| 3 | MSF | 4.65% |
| 4 | બેંક રેટ | 4.65% |
| 5 | CRR | 4.50% (21 મે 2022થી અમલી) |
| 6 | SLR | 18.0 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) ફુગાવાનો લક્ષ્યાંક +/- 2%ના બોન્ડની અંદર ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ફુગાવો 4% જાળવી રાખવાનું લક્ષ્ય છે.

(2) રેપો રેટમાં વધારો કરવાથી સેન્ટ્રલ બેંક પાસેથી નાણાં ઉછીના લેવાનું વધુ મોંઘુ બને છે. આથી કોમર્શિયલ બેંકો ધિરાણ દર વધારશે એટલે કે લોનના વ્યાજદરમાં વધારો થશે.

(3) વધતા વ્યાજ દરો ગ્રાહક અને વ્યવસાયિક ખર્ચને નિરાશ કરશે પરિણામે નાણાંનો પુરવઠો ઘટે છે અને ફુગાવાને નિયંત્રણમાં લાવી શકાય છે.

(4) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે. તથા MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

**1.** **તાજેતરમાં કોના દ્વારા 'State of world's Forest Report 2022' બહાર પાડવામાં આવ્યો હતો ?**

**(A) ILO** **(B) FAO** **(C) WHO** **(D) UNESCO** **(B)**

**2.** **તાજેતરમાં FAO દ્વારા 'State of world's Forest Report' બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1.** **આ રિપોર્ટ અનુસાર વનનાબૂદીને કારણે 1990 અને 2020ની વચ્ચે 420 મિલિયન હેક્ટર (Mha) જંગલો નષ્ટ થયા છે.**

**2.** **આ રિપોર્ટ અનુસાર 250 ઉભરતા ચેપી રોગમાંથી 15% જંગલો સાથે સંકળાયેલા છે.**

**3.** **આ રિપોર્ટ અનુસાર વસતીના કદ અને સમૃધ્ધિમાં વધારો થવાને કારણે તમામ કુદરતી સંસાધનોનો સંયુક્ત વાર્ષિક વૈશ્વિક વપરાશ 2017માં 92 અબજ ટનથી વધીને 2060માં 190 અબજ ટન થવાની ધારણા છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) ફક્ત 1 અને 3** **(B) ફક્ત 1**

**(C) ફક્ત 3** **(D) 1, 2 અને 3** **(D)**

**3.** **તાજેતરમાં સિટીઝન રજીસ્ટ્રેશન સિસ્ટમ ઓફ ઈન્ડિયા રિપોર્ટ (CRS) પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1.** **આ રિપોર્ટ ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.**

**2.** **આ રિપોર્ટ અનુસાર જન્મ સમયે ઉચ્ચ લિંગ ગુણોત્તર વર્ષ 2020માં સૌથી વધુ લદ્દાખમાં નોંધાયેલ છે.**

**3.** **આ રિપોર્ટ અનુસાર જન્મ સમયે સૌથી ઓછો લિંગ ગુણોત્તર નોંધાયેલ ટોચના રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશમાં મણિપુર (880), દાદરા અને નગર હવેલી અને દિવ અને દમણ (898), ગુજરાત (909), હરિયાણા (916) તથા મધ્યપ્રદેશ (921)નો સમાવેશ થાય છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) ફક્ત 1 અને 3** **(B) ફક્ત 2 અને 3**

**(C) ફક્ત 1 અને 2** **(D) 1, 2 અને 3** **(D)**

**4.** **તાજેતરમાં RBIએ પોલિસી રેપોરેટમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ સાથે રેપો રેટ વધીને ..... થઈ ગયો છે.**

**(A) 4.40%** **(B) 4.60%** **(C) 3.40%** **(D) 3.60%** **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 6 મે, આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ (International No Diet Day)

## ખાદ્ય કટોકટી 2022 પર વૈશ્વિક અહેવાલ

તાજેતરમાં 'ગ્લોબલ નેટવર્ક અગેઈન્સ્ટ ફૂડ ક્રાઈસિસ' (GNAFC) દ્વારા ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ 2022 નામનો વાર્ષિક અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ GNAFCનું મુખ્ય પ્રકાશન છે અને તેને ફૂડ સેફટી ઈન્ફોર્મેશન નેટવર્ક (FSIN) દ્વારા સુવિધા આપવામાં આવી છે.

### અહેવાલની મુખ્ય લાક્ષણિકતાઓ

વૈશ્વિક સ્તરે વર્ષ 2020ની તુલનામાં 2021માં 40 મિલિયનથી વધુ લોકોએ કટોકટીના સ્તરે અથવા વધુ ખરાબ ખાદ્ય અસુરક્ષાનો અનુભવ કર્યો છે.

- ઈથોપિયા, દક્ષિણ મેડાગાસ્કર, દક્ષિણ સુદાન અને યમનમાં અડધા મિલિયનથી વધુ લોકો ખરાબ ખાદ્ય અસુરક્ષાથી પીડાય છે.
- 53 દેશો અથવા પ્રદેશોમાં 193 મિલિયનથી વધુ લોકોએ 2021માં કટોકટી અથવા તીવ્ર ખાદ્ય અસુરક્ષાના ખરાબ સ્તરનો અનુભવ કર્યો હતો.

### ખાદ્ય અસુરક્ષાના પરીબળો

#### સંઘર્ષ

સંઘર્ષે 24 દેશો/ પ્રદેશોમાં 139 મિલિયન લોકોને ખાદ્ય અસુરક્ષાની તીવ્ર સ્થિતિમાં રહેવાની ફરજ પાડી હતી.

- વર્ષ 2020માં 23 દેશો/ પ્રદેશોમાં 99 મિલિયન લોકોને ખોરાકની અસુરક્ષાની સ્થિતિમાં જીવવાની ફરજ પાડી હતી.

#### આત્યંતિક હવામાન

આત્યંતિક હવામાનના કારણે 8 દેશો/ પ્રદેશોમાં 23 મિલિયનથી વધુ લોકોને તીવ્ર ખાદ્ય અસુરક્ષામાં રહેવાની ફરજ પડી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્થિક કટોકટી

આર્થિક સંકટને કારણે 2021માં 21 દેશો/પ્રદેશોમાં 30 મિલિયનથી વધુ લોકો અને 2020માં 17 દેશો/ પ્રદેશોમાં 40 મિલિયનથી વધુ લોકો માટે ખોરાકની અસુરક્ષાની તીવ્ર સમસ્યા સર્જાઈ હતી.

**નોંધ:**

(1) ફૂડ સેફ્ટી ઈન્ફોર્મેશન નેટવર્ક (FSIN) એ FAO, WFP અને IFPRI દ્વારા સહ પ્રાયોજિત વૈશ્વિક પહેલ છે, જે વિશ્લેષણ અને નિર્ણય લેવામાં માર્ગદર્શન આપવા માટે વિશ્વસનીય અને સચોટ ડેટા જનરેટ કરે છે તથા ખોરાક અને પોષણ સુરક્ષા માહિતી પ્રણાલીને શક્તિ પ્રદાન કરે છે.

(2) ગ્લોબલ નેટવર્ક અગેઈન્સ્ટ ફૂડ ક્રાઈસિસ (GNAFC)ની સ્થાપના યુરોપિયન યુનિયન, FAO અને WFP દ્વારા 2016માં કરવામાં આવી હતી.

(3) તે માનવતાવાદી અને વિકાસ કાર્યકર્તાઓનું ગઠબંધન છે જે ખોરાકની કટોકટી અટકાવવા તેની તૈયારી કરવા અને તેનો પ્રતિસાદ આપવા અને ભૂખને સમાપ્ત કરવા માટે SDG2ને સમર્થન આપવા સાથે મળીને કામ કરે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બિહારમાં ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટ



તાજેતરમાં બિહારમાં બિહારના મુખ્યમંત્રી દ્વારા ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

- આ પ્લાન્ટની સ્થાપના ઈસ્ટર્ન ઈન્ડિયા બાયોફ્યુઅલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે.
- ઈથેનોલ પ્લાન્ટ ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) પ્લાન્ટ છે.
- બિહારની ઈથેનોલ પ્રોડક્શન એન્ડ પ્રમોશન પોલિસી– 2021ને કેન્દ્રએ લીલી ઝંડી આપ્યા બાદ આ પહેલો વિકસિત પ્લાન્ટ છે.
- આ પ્લાન્ટ 15 એકર જમીન પર બાંધવામાં આવ્યો છે અને દરરોજ 150 ટન મકાઈ અને ચોખાનો ઉપયોગ કરીને દરરોજ 65,000 લિટર ઈથેનોલનું ઉત્પાદન કરવા સક્ષમ છે.
- તે બાય– પ્રોડક્ટ તરીકે DDGS (Distiller's dried grains with solubles) (દ્રવ્ય સાથે ડિસ્ટિલરના સૂકા અનાજ)નું પણ ઉત્પાદન કરશે, જે પશુ આહાર માટે વેંચવામાં આવશે.

- ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી માર્કેટિંગ કંપનીઓ સાથે 10 વર્ષનો ઈથેનોલ ખરીદી કરાર કરવામાં આવ્યો છે.
- આ પ્લાન્ટ બિહારને તેની ઈંધણની જરૂરિયાતો પૂરી કરવા શેરડી, મકાઈ અને ચોખાનો ઉપયોગ કરીને ઈથેનોલ ઉત્પાદનમાં પ્રવેશવાની તેની મહત્વાકાંક્ષામાં મદદ કરશે.

**નોંધ:** આ પ્લાન્ટ બિહારના <u>પૂર્ણિયા જિલ્લાના પરોરા</u> ખાતે આવેલ છે.

## ZLD શું છે ?

ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) એ ગંદાપાણીની વ્યવસ્થાપન વ્યૂહરચના છે જે પ્રવાહી કચરાને દૂર કરે છે અને પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં વધારો કરે છે.

**નોંધ:** (1) <u>ઈથેનોલ</u> એક સ્પષ્ટ, રંગહીન કાર્બનિક આલ્કોહોલ છે જેનો ઉપયોગ વૈકલ્પિક બળતણ સ્ત્રોત ઉપરાંત રાસાયણિક દ્રાવક તરીકે કાર્બનિક સંયોજનના સંશ્લેષણમાં થાય છે.

(2) ભારતે <u>2025</u> સુધીમાં <u>20%</u> ઈથેનોલ મિશ્રણ હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.



1. ‘ઈન્ટરનેશનલ નો ડાયટ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 4 મે (B) 5 મે (C) 6 મે (D) 7 મે (C)

2. તાજેતરમાં ‘ઈથેનોલ નેટવર્ક અગેઈન્સ્ટ ફૂડ ક્રાઈસિસ’ (GNAFC) દ્વારા ‘ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ 2022’ નામનો વાર્ષિક અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે વર્ષ 2020ની તુલનામાં 2021માં 40 મિલિયનથી વધુ લોકોએ કટોકટીના સ્તરે અથવા વધુ ખરાબ ખાદ્ય અસુરક્ષાનો અનુભવ કર્યો છે.
2. આ રિપોર્ટ અનુસાર ઈથોપિયા, દક્ષિણ મેડાગાસ્કર, દક્ષિણ સુદાન અને યમનમાં અડધા મિલિયનથી વધુ ખરાબ ખાદ્ય અસુરક્ષાથી પીડાય છે.
3. આ રિપોર્ટ અનુસાર ભારતમાં 3.5 મિલિયન લોકોએ અત્યંત ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કર્યો છે.
4. 53 દેશો અથવા પ્રદેશોમાં 193 મિલિયનથી વધુ લોકોએ 2021માં કટોકટી અથવા તીવ્ર ખાદ્ય અસુરક્ષાના ખરાબ સ્તરનો અનુભવ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 (A)

3. તાજેતરમાં ......... રાજ્યમાં ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

(A) મધ્યપ્રદેશ (B) બિહાર (C) મહારાષ્ટ્ર (D) રાજસ્થાન (B)

## દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ

7 મે, 2022ના રોજ 'સીમા સડક સંગઠન' (Border Roads Organization- BRO) દ્વારા તેમના 62માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)ની સ્થાપના 7 મે, 1960ના રોજ થઈ હતી.
- તે સંરક્ષણ મંત્રાલય હેઠળ મુખ્ય માર્ગ નિર્માણ સંસ્થા તરીકે કાર્ય કરે છે.
- તેની પ્રાથમિક ભૂમિકા ભારતના સરહદી વિસ્તારોને રોડ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત તે સેનાની વ્યૂહાત્મક જરૂરિયાતોને પહોંચી વળવા પૂર્વી અને પશ્ચિમી સરહદી વિસ્તારોમાં રોડ નિર્માણ અને જાળવણીનું કામ હાથ ધરે છે.
- તે અફઘાનિસ્તાન, ભૂટાન, મ્યાનમાર, શ્રીલંકા અને નેપાળ જેવા મિત્ર દેશોમાં રસ્તાઓ બનાવીને પાડોશી પ્રદેશોમાં ભારતના વ્યૂહાત્મક ઉદ્દેશ્યમાં યોગદાન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ ફૂડ પ્રાઈઝ 2022 (World Food Prize 2022)

તાજેતરમાં વર્લ્ડ ફૂડ પ્રાઈઝ ફાઉન્ડેશને 'વર્લ્ડ ફૂડ પ્રાઈઝ 2022'ના વિજેતા તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના ડો. સિન્થિયા રોસેન્ઝવેગના નામની જાહેરાત કરી છે.



- ડો. સિન્થિયા રોસેન્ઝવેગને તેમના સંશોધન "આબોહવા અને ખાદ્ય પ્રણાલી વચ્ચેના સંબંધોને સમજવા અને ભવિષ્યમાં બંને કેવી રીતે બદલાશે અને આગાહી કરશે" માટે તેમને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

## વર્લ્ડ ફૂડ પ્રાઈઝ

વર્લ્ડ ફૂડ પ્રાઈઝ અથવા વિશ્વ ખાદ્ય પુરસ્કાર વિશ્વમાં ખોરાકની ગુણવતા, જથ્થો અથવા ઉપલબ્ધતામાં સુધારો કરીને માનવ વિકાસને આગળ વધારનાર વ્યક્તિઓની સિધ્ધિઓને માન્યતા આપવા માટે આ પુરસ્કાર એ એક મુખ્ય આંતરરાષ્ટ્રીય સન્માન છે.

- તે વાર્ષિક પુરસ્કાર છે જે કોઈપણ ક્ષેત્રમાં વિશ્વના ખાદ્ય પુરવઠામાં યોગદાનને માન્યતા આપે છે, જેમ કે વનસ્પતિ, પ્રાણી અને માટી વિજ્ઞાન, ખાદ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી, પોષણ અને ગ્રામીણ વિકાસ વગેરે........
- આ પુરસ્કાર વિજેતા વ્યક્તિને 2,50,000 અમેરિકન ડોલરનું રોકડ રકમ ઉપરાંત પ્રખ્યાત કલાકાર અને ડિઝાઈનર શ્રી શૌલ બાસ દ્વારા ડિઝાઈન કરાયેલ એક શિલ્પ આપવામાં આવે છે.

## શુક્ર મિશન 2024 (Venus Mission 2024)



તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના અધ્યક્ષ શ્રી એસ. સોમનાથે જાહેરાત કરી છે કે 'શુક્ર મિશન' (Venus Mission) ડિસેમ્બર 2024 સુધીમાં લોન્ચ કરવામાં આવશે.

- આ મિશનનો મુખ્ય ઉદ્દેશ શુક્રના વાતાવરણમાં હાજર સલ્ફ્યુરિક એસિડના વાદળોનો અભ્યાસ કરવાનો છે, જે પ્રકૃતિમાં ઝેરી અને ક્ષતિગ્રસ્ત છે.
- આ અગાઉ NASAએ શુક્ર (Davinci Plus અને Veritas) પર બે નવા રોબોટિક મિશનની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિશનના મુખ્ય ઉદ્દેશ્યો

આ મિશનના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

- સપાટીની પ્રક્રિયા અને છીછરી પેટા– સપાટી (Stratigraphy)ના સ્તરની તપાસ કરવી.
- વાતાવરણની સંરચના, સંઘટક (રચના) અને ગતિશીલતાનો અભ્યાસ કરવો.
- શુક્રના આયનોસ્ફિયર સાથે સૌર પવનની ક્રિયાપ્રતિક્રિયાની તપાસ.

નોંધ: (1) શુક્રની ઉપસપાટીનું કોઈ અગાઉનું અવલોકન કરવામાં આવ્યું નથી.

(2) સ્ટ્રેટીગ્રાફી (Stratigraphy) એ ભૂસ્તરશાસ્ત્રની એક શાખા છે જે ખડકોના સ્તરો અને સ્તરોની રચનાનો અભ્યાસ કરે છે.

## મિશનનું મહત્વ

આ મિશનએ જાણવામાં મદદ કરશે કે પૃથ્વી જેવા ગ્રહો કેવી રીતે ફરે છે અને પૃથ્વીના કદના 'એક્સોપ્લેનેટ' (આપણા સૂર્ય સિવાયના તારાની પરિક્રમા કરતા ગ્રહો) પર કઈ સ્થિતિઓ અસ્તિત્વ ધરાવે છે.

- તે પૃથ્વીની આબોહવાનું મોડેલિંગ કરવામાં મદદ કરશે અને ગ્રહની આબોહવા કેવી રીતે નાટકીય રીતે બદલાય છે તેની ચેતવણી તરીકે કાર્ય કરશે.

## શુક્ર પર અવકાશયાન મોકલવા માટે ડિસેમ્બર 2024 શા માટે યોગ્ય છે ?

જો અવકાશયાન ડિસેમ્બર, 2024 સુધીમાં લોન્ચ કરવામાં આવે તો 2025માં અવકાશયાનની દિશા બદલવાની યોજના બનાવી શકાય છે.

- 2025મા પૃથ્વી અને શુક્રને એવી રીતે ગોઠવવામાં આવશે કે અવકાશયાનને શુક્રની ભ્રમણકક્ષામાં પ્રવેશવા માટે ઓછામાં ઓછા પ્રોપેલન્ટની જરૂર પડશે.

## અગાઉના મિશન

શુક્ર ગ્રહના વિવિધ દેશોના અગાઉના મિશન નીચે મુજબ છે :

(1) અમેરિકા : મરીનર શ્રેણી 1962- 1974, વર્ષ 1978મા પાયોનિયર વિનસ 1 અને પાયોનિયર વિનસ 2, 1989માં મેગેલન

(2) રશિયા : અવકાશયાનની વેનેરા શ્રેણી 1967- 1983, વેગાસ 1 અને 2

(3) જાપાન : વર્ષ 2015માં અકાત્સુકી

(4) યુરોપ : વર્ષ 2015ના વિનસ એક્સપ્રેસ

## શુક્ર ગ્રહ

તેનું નામ પ્રેમ અને સુંદરતાની રોમન દેવીના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.

- તે સૂર્યની અંતરની દષ્ટિએ બીજો સૌથી મોટો ગ્રહ છે. અને દળ અને કદમાં છઠ્ઠો સૌથી મોટો ગ્રહ છે.
- તેનો આકાર પૃથ્વીના આકારને મળતો આવે છે. આથી, શુક્રને 'પૃથ્વીની જુડવા બહેન'ના નામથી ઓળખવામાં આવે છે.
- શુક્રનું બાહ્ય આવરણ કાર્બન ડાયોક્સાઈડ વાયુનું બનેલું છે. જેથી શુક્ર સૌથી ગરમ રહે છે.
- શુક્રની ચારે તરફ 80 કિ.મીની ઊંચાઈ સુધી સલ્ફ્યુરિક એસિડના વાદળ છવાયેલા રહે છે.
- તે અન્ય ગ્રહો કરતા વિપરીત દિશામાં પરિક્રમણ કરે છે.
- તે સવારના સમયે આકાશમાં પૂર્વ તરફ અને સાંજના સમયે આકાશમાં પશ્ચિમ તરફ જોવા મળે છે.
- તેને 'સવારના તારા' (Morning Star) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શુક્રને એકપણ ઉપગ્રહ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 7 મે, 2022ના રોજ 'સીમા સડક સંગઠન' (Border Roads Organization- BRO)ના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 60 મા (B) 62 મા (C) 75 મા (D) 100 મા **(B)**

2. ભારતમાં Border Roads Organization (BRO)ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 7 મે, 1950 (B) 7 મે, 1960 (C) 7 મે, 1970 (D) 7 મે, 1980 **(B)**

3. તાજેતરમાં વર્લ્ડ ફૂડ પ્રાઈઝ ફાઉન્ડેશને 'વર્લ્ડ ફૂડ પ્રાઈઝ 2022'ના વિજેતા તરીકે કોના નામની જાહેરાત કરી છે ?

(A) ડો. સિન્થિયા રોસેન્ઝવેગ (B) ડો. ડોના બેર્ડ

(C) ડો. મેરી. સી. બાલ્ટ્ઝ (D) ડો. જેમ્સ એફ. બેલ **(A)**

4. તાજેતરમાં ISROના અધ્યક્ષે જાહેરાત કરી હતી કે 'શુક્ર મિશન' (Venus Mission) ............ સુધીમાં લોન્ચ કરવામાં આવશે.

(A) ડિસેમ્બર, 2022 (B) ડિસેમ્બર, 2023

(C) ડિસેમ્બર, 2024 (D) ડિસેમ્બર, 2025 **(C)**

5. શુક્ર ગ્રહ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.

2. તેને 'પૃથ્વીની જુડવા બહેન'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

3. તે અન્ય ગ્રહો કરતા વિપરીત દિશામાં પરિક્રમણ કરે છે.

4. તેને 3 ઉપગ્રહ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી**

1 મે, 2022ના રોજ સમગ્ર ગુજરાતમાં ગુજરાત સ્થાપના દિવસ અથવા તો ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વો રાજ્યના પાટનગરમાં ઉજવવાને બદલે જૂદા જૂદા જિલ્લા મથકે ઉજવવાની પરંપરાના ભાગરૂપે ઉત્તર ગુજરાતના મહત્વના એવા પાટણ જિલ્લામાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. નોંધનીય છે કે ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પાટણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે પોલીસ પરેડ પ્રદર્શન યોજાયું હતું.

## ભારત

➤ **અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ 2.0**

અટલ ઈનોવેશન મિશનએ 'અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ' (ANIC 2.0)ની બીજી આવૃત્તિનો તબક્કો– 1 શરૂ કર્યો છે. ANIC 1.0ની શરૂઆત વર્ષ 2018માં લોકો માટે નવીનતાઓ અને ટેકનોલોજીઓને સુસંગત બનાવવા માટે કરવામાં આવી હતી. અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ એ અટલ ઈનોવેશન મિશન, નીતિ આયોગનો મુખ્ય કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય મહત્વ અને સામાજિક સુસંગતતાના પ્રાદેશિક પડકારોને સંબોધિત કરતી ટેકનોલોજી આધારિત નવીનતાઓની શોધ, પસંદગી, સમર્થન અને પ્રોત્સાહન આપવાનો છે. ANIC 2.0નો પ્રથમ તબક્કો ઈ–મોબિલિટી, રોડ ટ્રાન્સપોર્ટ, સ્પેસ ટેકનોલોજી અને એપ્લિકેશન, સેનિટેશન ટેકનોલોજી, મેડિકલ ઈક્વિપમેન્ટ અને મટીરિયલ્સ, વેસ્ટ મેનેજમેન્ટ અને કૃષિ સહિત 7 ક્ષેત્રોમાં 18 પડકારોનો સામનો કરશે.

➤ **એનાબોલિક સ્ટેરોઈડ્સ**

ભારતના બે ટ્રેક એન્ડ ફિલ્ડ ટોક્યો ઓલિમ્પિયન પ્રતિબંધિત એનાબોલિક સ્ટેરોઈડ્સનો ઉપયોગ કરવા બદલ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા છે અને તેઓ ચાર વર્ષ સુધીના પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે. એનાબોલિક સ્ટેરોઈડ્સનો ઉપયોગ સામાન્ય રીતે બોડી–બિલ્ડરો દ્વારા કરવામાં આવે છે. તે આવશ્યકપણે પુરુષ હોર્મન ટેસ્ટોસ્ટેરોનના પ્રયોગશાળા દ્વારા ઉત્પાદિત સંસ્કરણો છે અને તે કુદરતી હોર્મનની જેમ સ્નાયુ સમૂહ વધારવામાં અસરકારક છે. તે વ્યક્તિમાં પુરુષ લક્ષણો પણ વધારે છે, જેમ કે ચહેરાના વાળ અને ભારે અવાજ વગેરે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારતના મહિલા વેઈટલિફ્ટર સુશ્રી હર્ષદા ગરુડ જુનિયર વર્લ્ડ ચેમ્પિયન બન્યા**

સુશ્રી હર્ષદા શરદ ગરુડ ગ્રીસના હેરાક્લિયનમાં આયોજિત IWF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફ્ટર બન્યા છે. સુશ્રી હર્ષદા ગરુડ પહેલા આ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર માત્ર બે ભારતીય ખેલાડી છે. સુશ્રી મીરાબાઈ ચાનુએ વર્ષ 2013માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે અચિંત શિયુલીએ ગયા વર્ષે સિલ્વર મેડલ જીત્યો હતો. સુશ્રી હર્ષદાએ મહિલાઓની 45 કિગ્રા વજન વર્ગમાં 153 કિગ્રા વજન ઉપાડ્યુ હતું. જેમાં સ્નેચમાં 70 કિગ્રા અને કલીન એન્ડ જર્કમાં 83 કિગ્રાનો સમાવેશ થાય છે.

➤ **દેશનો 100મો યુનિકોર્ન**

બેંગ્લોર સ્થિત નિયોબેંક પ્લેટફોર્મ 'ઓપન' (અથવા ઓપેન) 100મું યુનિકોર્ન બન્યુ છે. નવેસરથી ભંડોળ એકત્ર કર્યા પછી કંપનીનું મૂલ્ય એક અબજ ડોલરને વટાવી ગયું છે. યુનિકોર્ન સ્ટેટ્સ ધરાવતી કંપનીઓની સંખ્યાના સંદર્ભમાં ભારત હાલ વૈશ્વિક ત્રીજા ક્રમે છે. યુનિકોર્ન એ સ્ટાર્ટ–અપ્સ છે જેનું મૂલ્ય 1 મિલિયન અમેરિકન ડોલરથી વધુ હોય છે. આ શબ્દ સૌપ્રથમ કેલિફોર્નિયાના પાલો અલ્ટો સ્થિત બીજ– સ્ટેજ વેન્ચર કેપિટલ ફંડ, કાઉબોય વેન્ચર્સના સ્થાપક ઈલીન લી દ્વારા બનાવવામાં આવ્યો હતો. યુનિકોર્ન માનવ સંસાધન સેક્ટરમાં ભરતી સંબંધિત ખ્યાલનો સંદર્ભ આપે છે.

➤ **IOCએ મિથેનોલ મિશ્રિત પેટ્રોલ રજૂ કર્યુ**

તાજેતરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ આસામના તિનસુકિયા જિલ્લામાં પ્રાયોગિક ધોરણે M15 પેટ્રોલ લોન્ચ કર્યુ છે. M15એ 15% મિથેનોલ અને 85% પેટ્રોલનું મિશ્રણ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) દ્વારા તિનસુકિયા જિલ્લા (આસામ)માં મિથેનોલની તૈયાર ઉપલબ્ધતાને કારણે પાયલોટ રોલઆઉટ હાથ ધરવામાં આવ્યો હતો. જેનું ઉત્પાદન આસામ પેટ્રોકેમિકલ લિમિટેડ દ્વારા દિગ્બોઈ રિફાઈનરી નજીકમાં કરવામાં આવી રહ્યું છે. તે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનને લગભગ 5 થી 10% ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત મિથેનોલ સાથે પેટ્રોલ ભેળવવાથી વૈશ્વિક સ્તરે ઈંધણની વધતી કિંમતોથી રાહત મળશે.

GPSC, PSI/ASI, બિનસચિવાલય, તલાટી મંત્રી, TET-TAT વગેરે વર્ગ-3ની ભરતીઓ માટે ઉપયોગી પુસ્તક
ગુજરાતી વ્યાકરણ


LATEST EDITION 2021

➤ **ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)**

તાજેતરમાં ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)નો પાયલોટ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. પાંચ શહેરો દિલ્હી, બેંગ્લુરુ, કોઈમ્બતુર, ભોપાલ અને શિલોંગમાં પ્રાયોગિક તબક્કાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. છ મહિનામાં તેને 100 શહેરોમાં લોન્ચ કરવામાં આવશે. ONDC એ ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક નેટવર્ક પર માલસામાન અને સેવાઓના વિનિમયના તમામ પાસાઓ માટે ખુલ્લા નેટવર્કને પ્રોત્સાહન આપવાના હેતુથી એક પહેલ છે. તે એક ઓપન–સોર્સ મેથડોલોજી પર આધારિત હશે, જે કોઈ ચોક્કસ પ્લેટફોર્મથી સ્વતંત્ર ઓપન નેટવર્ક પ્રોટોકોલનો ઉપયોગ કરે છે. ONDC એ વર્તમાન પ્લેટફોર્મ– સેન્ટ્રિક મોડલથી ઓપન– નેટવર્ક મોડલમાં સ્થાનાંતરિત કરીને ઈ–કોમર્સ બજારના મૂળભૂત માળખાને રૂપાંતરિત કરવાનો હેતુ ધરાવે છે. ONDC એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરલ ટ્રેડ (DPIT)ની પહેલ છે.

➤ **મોર્સે ડુ ફિલ્મ ફેસ્ટિવલ**

ફ્રાન્સમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ સાથે આયોજિત થનારી આગામી મોર્સે ડુ ફિલ્મમાં ભારત સન્માનિત રાષ્ટ્ર હશે. આ ફેસ્ટિવલ 17 મે 2022થી શરૂ થશે. ફ્રાન્સ અને ભારત તેમના રાજદ્વારી સંબંધોના 75 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પેરિસ મુલાકાત અને રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથેની તેમની મુલાકાતને કારણે આ ઘટના મહત્વપૂર્ણ બની ગઈ છે. આ મહત્વપૂર્ણ રાજદ્વારી પૃષ્ઠભૂમિ સામે જ ભારતને કેન્સ અથવા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મોર્સે ડુ ફિલ્મમાં સન્માનિત રાષ્ટ્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે. કેન નેક્સ્ટમાં ભારતને એક સન્માનિત રાષ્ટ્રનો દરજ્જો આપવામાં આવ્યો છે જે અંતર્ગત ઓડિયો–વિઝ્યુઅલ ઉદ્યોગમાં પાંચ નવા સ્ટાર્ટ–અપ્સને વિકાસ કરવાની તક મળશે. આ ફેસ્ટિવલમાં ભારતમાંથી આર.માધવન દ્વારા નિર્મિત ફિલ્મ રોકેટરીનું વર્લ્ડ પ્રીમિયર પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **IRCTC ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન શરૂ કરશે**

રેલવે મંત્રાલયની નવી નીતિ હેઠળ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ની પ્રથમ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ચલાવવામાં આવશે. આ ટ્રેન તેની પ્રથમ મુસાફરી 21 જૂન, 2022ના રોજ શરૂ કરશે. આ ટ્રેન ભગવાન શ્રી રામના જીવન સાથે સંકળાયેલ તમામ મુખ્ય સ્થળોને પ્રદર્શિત કરશે અને તેમાં જનકપુર, નેપાળનો પણ સમાવેશ થશે જે માતા સીતાનું જન્મ સ્થળ છે. આ ટ્રેનની પ્રથમ 18 દિવસની મુસાફરી દિલ્હીના સફદરજંગ સ્ટેશનથી શરૂ થશે અને તે દર્શન યોજનાના રામાયણ સર્કિટ પર ચાલશે. નોંધનીય છે કે ભારતીય રેલવેએ દેશના ઐતિહાસિક સ્થળો અને સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાને ભારતના નાગરિકો તેમજ વિશ્વભરના પ્રવાસીઓને દર્શાવવાના ઉદ્દેશ્ય સાથે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનો શરૂ કરવામાં આવી છે. આ ટ્રેનો કેન્દ્ર સરકારની 'દેખો અપના દેશ' પહેલ હેઠળ શરૂ કરવામાં આવી છે.

➤ **ભારતીય 'કોયર' ઉદ્યોગ**

તાજેતરમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે તમિલનાડુના કોઈમ્બતુરમાં 'એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા કોયર કોન્કલેવ 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. કોયર ઉત્પાદનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને એપ્લિકેશનના નવા ક્ષેત્રોને ઓળખવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારો વચ્ચેના સંકલિત પ્રયાસ તરીકે આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે નારિયેળની આડપેદાશ તરીકે પ્રકૃતિમાં જોવા મળતા 'કોકોનટ પામ' દ્વારા પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન થતો પદાર્થ છે. તે કુદરતી રીતે બનતું તંતુમય પદાર્થ છે જે નાળિયેરના શેલની બહાર જોવા મળે છે. જે કુદરતી રીતે ઉપયોગ માટે પ્રક્રિયા કરવામાં આવે છે. ખલાસીઓ દ્વારા સામાન બાંધવા અને જહાજના કેબલ માટે દોરડા તરીકે સદીઓથી કોયરનો ઉપયોગ કરવામાં આવે છે.


## વિશ્વ

➤ **વૈશ્વિક સુરક્ષા પહેલ** (Global Security Initiative)

બોઆઓ ફોરમ ફોર એશિયા (Boao Forum for Asia- BFA) વાર્ષિક કોન્ફરન્સ 2022ના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાષણ આપતા સમયે ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગે નવી વૈશ્વિક સુરક્ષા પહેલ રજૂ કરી છે. ચીનના રાષ્ટ્રપતિના જણાવ્યા અનુસાર આ પહેલ વિશ્વમાં તમામ માટે સુરક્ષાને પ્રોત્સાહન આપવા અને જૂથની રાજનીતિ અને જૂથવાદનો વિરોધ કરવા માટે છે. આ પહેલનો હેતુ પશ્ચિમની પહેલોની જેમકે યુ.એસ ઈન્ડો–પેસિફિક સ્ટ્રેટેજી, ક્વાડ અને AUCUS સુરક્ષા કરારનો સામનો કરવાનો છે. ચીનના રાષ્ટ્રપતિ દ્વારા નિર્ધારિત છ ક્ષેત્રો આ મુજબ છે : (1) શાંતિ અને સુરક્ષા માટે વહેંચાયેલ, વ્યાપક, સહકારી અભિગમ માટે પ્રતિબધ્ધતા, (2) તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવાની પ્રતિબધ્ધતા, (3) સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના હેતુઓ અને સિધ્ધાંતોનું પાલન કરવાની પ્રતિબધ્ધતા, (4) તમામ દેશોની કાયદેસર સુરક્ષા ચિંતાઓને ગંભીરતાથી લેવાની પ્રતિબધ્ધતા, (5) દેશો વચ્ચેના મતભેદો અને વિવાદોના શાંતિપૂર્ણ સમાધાન માટે પ્રતિબધ્ધતા, (6) પરંપરાગત અને બિન પરંપરાગત બંને ક્ષેત્રોમાં સુરક્ષા જાળવવા માટેની પ્રતિબધ્ધતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

તર્કશક્તિ
GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, ક્લાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE



## ICE ? Questions

- ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કયા સ્થળે કરવામાં આવી હતી ? – પાટણ
- અટલ ઈનોવેશન મિશનએ 'અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ' (ANIC 2.0)ની ........આવૃતિનો તબક્કો– 1 શરૂ કર્યો છે. – બીજી
- ભારતના બે ટ્રેક એન્ડ ફીલ્ડ ટોક્યો ઓલિમ્પિયન પ્રતિબંધિત .........નો ઉપયોગ કરવા બદલ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા છે. – એનાબોલિક સ્ટેરોઈડ્સ
- તાજેતરમાં 'બોઆઓ ફોરમ ફોર એશિયા' વાર્ષિક કોન્ફરન્સ 2022ના ઉદ્‌ઘાટન સમારોહમાં કયા દેશના રાષ્ટ્રપતિએ નવી વૈશ્વિક સુરક્ષા પહેલ રજૂ કરી હતી ? – ચીન, શ્રી શી જિનપિંગ દ્વારા
- તાજેતરમાં કયા મહિલા વેઈટલિફ્ટર જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફ્ટર બન્યા છે ? – સુશ્રી હર્ષદા શરદ ગરુડ
- બેંગ્લોર સ્થિત નિયોબેંક પ્લેટફોર્મ.......100મું યુનિકોર્ન બન્યું છે. – ઓપન
- તાજેતરમાં IOCએ કયા સ્થળે મિથેનોલ મિશ્રિત પેટ્રોલ રજૂ કર્યુ છે ? – તિનસુકિયા, આસામ
- ફ્રાન્સમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ સાથે આયોજિત થનારી આગામી મોર્સે ડુ ફિલ્મમાં કયો દેશ સન્માનિત રાષ્ટ્ર હશે ? – ભારત
- ............ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન શરૂ કરશે. – IRCTC
- તાજેતરમાં MSME મંત્રાલયે તમિલનાડુના કયા સ્થળે 'એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા નેશનલ કોયર કોન્કલેવ 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? – કોઈમ્બતુર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. જીન બેંક પ્રોજેક્ટ (Gene Bank Project)ની સ્થાપના કરનાર પ્રથમ ભારતીય રાજ્ય કયું છે ? – મહારાષ્ટ્ર
(આ પ્રોજેક્ટનો અમલ મહારાષ્ટ્ર રાજ્ય જૈવવિવિધતા બોર્ડ દ્વારા કરવામાં આવશે અને આગામી પાંચ વર્ષ માટે રૂ. 172.39 કરોડ ફાળવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ આબોહવા પરિવર્તનના કારણે ફૂડ ચેઈન પર પડતી અસરને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.)
2. કઈ ભારતીય બેંકે MSME માટે 'Open-for-All' ડિજિટલ ઈકોસિસ્ટમ શરૂ કરી છે ? – ICICI બેંક
3. તાજેતરમાં શ્રી જવાહરલાલ દર્ડાની જન્મશતાબ્દી નિમિત્તે સ્મારક સિક્કાની જાહેરાત કરવામાં આવી છે. તેઓ કયા રાજ્યમાં ઉદ્યોગપતિ અને મંત્રી હતા ? – મહારાષ્ટ્ર
4. મદ્રાસ હાઈકોર્ટે કઈ એન્ટિટીને 'જીવંત પ્રાણી' તરીકે જાહેર કરવા માટે 'માતા–પિતાના અધિકારક્ષેત્ર'નો ઉપયોગ કર્યો છે ? – પ્રકૃતિમાં (Mother Nature)
5. ભારતે 'ગ્રીન હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ' પર એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને કયા દેશ સાથે AI સ્ટાર્ટઅપ પર કામ કરવા સંમત થયા છે ? – જર્મની
(ભારત અને જર્મનીએ તાજેતરમાં ઈન્ડો–જર્મન ગ્રીન હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ પર સંયુક્ત ઘોષણા પર હસ્તાક્ષર કર્યા છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સ્ટાર્ટઅપ્સ તેમજ AI સંશોધન અને ટકાઉપણુ અને આરોગ્ય સંભાળમાં તેની એપ્લિકેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે.)
6. ભારતના પ્રથમ ગ્રીન–ફિલ્ડ અનાજ આધારિત ઈથેનોલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – બિહાર
7. જીવલા (Jivhala) કઈ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એક વિશેષ લોન યોજના છે ? – મહારાષ્ટ્ર
(મહારાષ્ટ્રના જેલ વિભાગે રાજ્યભરની જેલોમાં બંધ કેદીઓ માટે પોતાના પ્રકારની પ્રથમ ક્રેડિટ યોજના શરૂ કરી છે. ત્રણ વર્ષથી જેલની સજા ભોગવી રહેલા કેદીઓ માટે મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંક દ્વારા જીવલા નામની યોજના રજૂ કરવામાં આવી છે.)
8. યુનેસ્કો દ્વારા કઈ દિવસના રોજ 'વિશ્વ પોર્ટુગીઝ ભાષા દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ? – 5 મે
9. ......... ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – અમદાવાદ સાયન્સ સિટી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** અમદાવાદના ............ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભગવાન પરશુરામની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવી છે.

– વાડજ

**11.** તાજેતરમાં કયા રાજ્યએ ચોખાનું ડાયરેક્ટ સીડીંગ (DSR) પસંદ કરતા ખેડૂતો માટે પ્રોત્સાહનોની જાહેરાત કરી હતી ? – પંજાબ

**12.** નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS- 5) મુજબ ભારતમાં નવો કુલ પ્રજનન દર (TFR) શું છે ? – 2.0

**13.** જમ્મુ અને કાશ્મીરના ચૂંટણી નકશાને ફરીથી તૈયાર કરનાર સીમાંકન આયોગના વડા કોણ છે ?

– જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ

**14.** તાજેતરમાં કયા દિવસના રોજ શ્રી રવિન્દ્રનાથ ટાગોરની 161મી જન્મજયંતિ દેશભરમાં ઉજવવામાં આવી હતી ?

– 7 મે

**15.** તાજેતરમાં ચર્ચામાં રહેલ યુક્રેનના સુશ્રી એન્હેલિના કલિનીના કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ટેનિસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



# સામાન્ય વિજ્ઞાન

• વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે •

[ MCQ BOOSTER ]

## પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
|---|---|
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
|---|---|
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
|---|---|
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
|---|---|
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.